| | |
|---|---|
| દાખલ તારીખ | :-૨૩/૦૭/૧૯૯૬ |
| ફેંસલ તારીખ | :-૦૧/૧૦/૨૦૨૪ |
| સમયગાળો | :- વર્ષ મહિના દિવસ |
| | ૨૮ ૦૨ ૦૯ |

**અમદાવાદ શહેરના ૫માં અધિક મુખ્ય જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલત સમક્ષ, કોર્ટ નં.૧૯, અમદાવાદ.**

---

**ક્રિમીનલ કેસ નંબર:-૧૨૯૨/૧૯૯૬**

(ચુકાદાની તારીખ:-૦૧/૧૦/૨૦૨૪)

**આંક-૧૧**

| | એફ.આઈ.આર.ની વિગતો /ગુનો અને પોલીસ સ્ટેશન |
|---|---|
| પોલીસ સ્ટેશન :- | વટવા પોલીસ સ્ટેશન, એમ.કેસ નં.૧૬/૧૯૯૬ |
| ગુનો :- | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૧), ૧૧૪ |

**FORM-A**

| | |
|---|---|
| તહોમતનામા મુજબ તહોમત :- | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૧), ૧૧૪ |
| ફરિયાદી :- | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરિયાદી-સુમીત્રાબેન પ્રવિણભાઈ તડવી) |
| વિ.એ.પી.પી.શ્રી :- | શ્રી કે. કે. યોગી |
| આરોપીઓ :- | ૧. પ્રવિણભાઈ વિઠૃલભાઈ તડવી,<br>૨. વિઠૃલભાઈ મનસુખભાઈ તડવી,<br>(આરોપી નં.૨ મરણ પામેલ હોય, તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે.)<br>૩. ચંચળબેન વિઠૃલભાઈ તડવી,<br>૪. મહેન્દ્રભાઈ વિઠૃલભાઈ તડવી,<br>૫. કોકીલાબેન મહેન્દ્રભાઈ તડવી,<br>તમામ રહે. અમદાવાદ. |
| આરોપીઓ તરફે વિ.વકીલશ્રી :- | શ્રી એ. આઈ. પઠાણ |

**FORM-B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ :- | સને-૧૯૯૬ |
| ફરિયાદની તારીખ :- | તા.૨૦/૦૨/૧૯૯૬ |
| ચાર્જશીટની તારીખ :- | તા.૨૩/૦૭/૧૯૯૬ |
| તહોમત ફરમાવ્યાની તારીખ :- | તા.૦૪/૦૮/૨૦૦૯ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ :- | તા.૦૨/૦૯/૨૦૦૯ |

| | |
|---|---|
| કેસ જજમેન્ટ ઉપર આવ્યાની તારીખ :- | તા.૩૧/૦૮/૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. |

## આરોપીઓની વિગતો :-

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રવિણભાઈ વિઠ્ઠલભાઈ તડવી | ૨૨/૩/૧૯૯૬ | જામીન મુકત | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ-૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૧), ૧૧૪ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. | .... | ..... |
| ૨. | વિઠ્ઠલભાઈ મનસુખભાઈ તડવી (આરોપી નં.૨ મરણ પામેલ હોય, તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે.) | ૨૨/૩/૧૯૯૬ | | | | | |
| ૩. | ચંચળબેન વિઠ્ઠલભાઈ તડવી | ૨૨/૩/૧૯૯૬ | | | | | |
| ૪. | મહેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ તડવી | ૨૨/૩/૧૯૯૬ | | | | | |
| ૫. | કોકીલાબેન મહેન્દ્રભાઈ તડવી | | | | | | |

**FORM-C**

**કરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ**

## (એ) ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો

**-: મૌખિક પુરાવો :-**

| સા.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | પોલીસ કોન્સ્ટેબલ મુકેશભાઈ વજેસંગ ઝાલા | સાહેદ | ૦૭ |

## (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|

| | | |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો,**

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૮ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલની વિગત**

– આ કામે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી.

**–: ચુકાદો :–**

(૧.૦૦) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે આરોપીઓએ ફરિયાદી–સુમીત્રાબેન પ્રવિણભાઈ તડવી ને બિભત્સ ગાળો આપી, ફરિયાદી પાસેથી તેના પિતાના ત્યાંથી પૈસા લઈ આવવાની માંગણી કરી, શારીરિક અને માનસિક ત્રાસ આપી, હાથ પગ તોડી નાખવાની ધાક ધમકી આપેલ હતી. આથી, ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ ધોરણસરની ખાનગી ફરિયાદ અદાલત સમક્ષ આપેલ હતી અને તેનાં અનુસંધાને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૧૫૬(૩) અન્વયે તપાસનો આદેશ કરવામાં આવેલ હતો અને તેથી વટવા પોલીસ સ્ટેશનમાં એમ.કેસ

નં.૧૬/૧૯૯૬ થી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ-૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૧), ૧૧૪ મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ હતો.

(૨.૦૦) આ કામે તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (''સંહિતા'') ની કલમ-૧૬૧ અન્વયે સંબંધીત સાહેદોના નિવેદનો નોંધી અને તપાસનાં અંતે આરોપીઓની સંડોવણી ખુલતા તથા હાલનાં આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો બનતો હોય, સંહિતાની કલમ- ૧૭૩(૨) મુજબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ હતું.

(૩.૦૦) આ કામમાં તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતા, સંહિતા ની કલમ-૧૯૦(૧)(બી) પ્રમાણે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ આરોપીઓની સામે સંહિતાની કલમ -૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતો. આરોપી નં.૧,૩ થી ૫ નાઓને સમન્સ બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર રહેલ અને સંહિતાની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આ અદાલત દ્વારા આંક-૦૫ થી આરોપી નં.૧,૩ થી ૫ નાઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપી નં.૧,૩ થી ૫ નાઓની આંક-૦૬ થી પ્લી નોંધવામાં આવેલ અને આરોપી નં.૧,૩ થી ૫ નાઓએ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતાં, તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.જયારે આ કામમાં આંક-૦૩ ની પુરશીષથી આ કામના આરોપી નં.૨ નાઓ મરણ ગયેલ હોય તેઓનું આંક-૦૪ થી મરણનું પ્રમાણપત્ર રજૂ થતા તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી નં.૧,૩ થી ૫ નાઓની સામે અવાર નવાર સમન્સ/વોરંટ કાઢવા છતાં ધોરણસર બજેલ ન હોય અને આરોપી નં.૧,૩ થી ૫ નાઓ મળી આવતા ન હોય, ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૯૯ મુજબ કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪.૦૦) ફરિયાદ પક્ષ તરફે ઉપરોકત ફોર્મ-સીમાં વર્ણવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને વિ.એપીપીશ્રીની મૌખીક વિનંતીથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫.૦૦) ત્યારપછી આરોપીઓની વિરુધ્ધની પુરાવાની કોઈ હકીકતો રેકર્ડ ઉપર આવેલ ન હોય, સંહિતાની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬.૦૦) ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે વિ.એપીપીશ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૭.૦૦) આ કેસની હકીકત ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે આરોપીઓએ ફરિયાદીને બિભત્સ ગાળો આપી, ફરિયાદી પાસેથી તેના પિતાના ત્યાંથી પૈસા લઈ આવવાની માંગણી કરી, શારીરિક અને માનસિક ત્રાસ આપી, હાથ પગ તોડી નાખવાની ધાક ધમકી આપી, ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ–૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૧), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭.૦૧) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે:

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮.૦૦) ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો નીચે મુજબ છે :

:: કા ર ણો ::

(૮.૦૧) **<u>મુદ્દા નં.૧ અને ૨:</u>**

આ કામમાં આરોપીઓની સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ–૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૧),૧૧૪ મુજબનાં ગુનાનું તહોમત છે. ફરિયાદ પક્ષે આરોપીની સામેનાં તહોમતને પુરવાર કરવા માટે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું પૃથ્થકરણ કરતા પહેલા અત્રે એ નોંધવુ જરૂરી છે કે ફોજદારી ન્યાયશાસ્ત્રના ત્રણ સિધ્ધાંતો મુખ્યત્વે પ્રસ્થાપિત થયેલ છે, જેમાં (૧) ફરીયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો હોય છે; (૨) આરોપી નિર્દોષ હોવાનું માનવાનું છે; અને,(૩) ફરિયાદ પક્ષના પુરાવાનો બોજો કયારેય તબદીલ થતો નથી. આ રીતે, ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંતો લક્ષમાં રાખી આ કેસમાં ફરિયાદ પક્ષે જે કોઈ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેનું મુલ્યાંકન કરવાનું રહે છે.

(૮.૦૨) આ કામે ફરીયાદ પક્ષનો કેસ જોતા આ કામના સાહેદ–ખીમજીભાઈ ચારણભાઈ ચારણને આંક–૦૪ થી તથા મુળ ફરિયાદી–સુમીત્રાબેન પ્રવિણભાઈ તડવી તથા સાહેદ–બચુભાઈ નાનજીભાઈ તડવીને આંક–૦૯ અને ૧૦ થી પ્રોસેસ કાઢવામાં આવેલ તે પ્રોસેસ લક્ષમાં લેતા તેઓ દર્શાવેલ સરનામે મળી આવેલ નથી તેવા શેરા તથા નિવેદન સાથે પરત આવેલ છે તેમજ

સાહેદ–અંબાબેન બચુભાઈ તડવીને આંક–૦૫ થી પ્રોસેસ કાઢવામાં આવેલ તે પ્રોસેસ આંક–૫એ થી તેઓના મરણના પ્રમાણપત્ર સાથે પરત આવેલ છે તેમજ ત.ક.અધિકારી–એફ.એસ.ગોસાઈને આંક–૦૬ થી પ્રોસેસ કાઢવામાં આવેલ તે પ્રોસેસ આંક–૬એ થી તેઓના મરણના પ્રમાણપત્ર સાથે પરત આવેલ છે અને તે કારણોસર સદરહું સાહેદોને ફરિયાદ પક્ષે તપાસેલ નથી.

(૮.૦૩) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ–પોલીસ કોન્સ્ટેબલ મુકેશભાઈ વજેસંગ ઝાલાનો આંક–૦૭ થી સોગંદ ઉપર પુરાવો નોંધવામાં આવેલ છે અને તે જોવામાં આવે તો તેઓએ મુખ્યત્વે એવું જણાવેલ છે કે તેઓ વટવા પોલીસ સ્ટેશનમાં છેલ્લા છ વર્ષથી પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. આ સાહેદે વધુમાં જણાવેલ છે કે આ કામના તપાસ કરનાર અમલદાર–શ્રી એફ.એસ.ગોસાઈ નાઓએ સને–૧૯૯૬ માં તેઓના વટવા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા અને તેમની સામે કાઢવામાં આવેલ સમન્સો તેઓ મરણ પામેલ હોવાના શેરા સાથે તથા મરણના દાખલા સાથે પરત આવેલ છે અને તેમને તેઓના રેકર્ડ પ્રમાણે મરણ પામેલ છે. આ સાહેદે વધુમાં જણાવેલ છે કે આ કામના ફરિયાદી– સુમિત્રાબેન પ્રવિણભાઈ તડવીખે આંક–૦૮ વાળી ખાનગી ફરિયાદ અત્રેની અદાલતમાં આપેલ હતી જેમાં નામદાર કોર્ટે સી.આર.પી.સી.ની કલમ–૧૫૬(૩) મુજબનો હુકમ કરેલ હતો જેના અનુસંધાને વટવા પોલીસ સ્ટેશનમાં એમ કેસ નં.૧૬/૧૯૯૬ થી ઈ.પી.કો.કલમ–૪૯૮(ક), ૫૦૪, ૫૦૬, ૧૧૪ વિગેરે મુજબનો ગુનો નોંધવામાં આવેલ હતો. આ સાહેદે વધુમાં જણાવેલ છે કે આ ગુન્હાની તપાસ પી.એસ.આઈ. શ્રી એફ.એસ.ગોસાઈ નાઓએ કરેલ હતી અને તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ હતાં અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલ હતું. વધુમાં આ સાહેદે જણાવેલ છે કે આ કામના ફરિયાદી અને સાહેદોને અવાર નવાર પ્રોસેસો કરવા છતા તે પ્રોસેસો જુદા જુદા શેરા સાથે પરત આવેલ છે અને ફરિયાદી તથા સાહેદો દર્શાવેલ સરનામે મળી આવેલ નથી તેવું જણાવેલ છે અને તે પ્રોસેસો આંક–૦૯ અને ૧૦ રજૂ રાખેલ છે.

(૮.૦૪) ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા, આ કામે સાહેદ–પોલીસ કોન્સ્ટેબલ મુકેશભાઈ વજેસંગ ઝાલા(આંક–૦૭) નો પુરાવો ધ્યાને લેતા આ કેસમાં ગુન્હાની તપાસ પી.એસ.આઈ. એફ.એસ.ગોસાઈએ કરેલ છે અને આ સાહેદને વ્યકિતગત બનાવ વિષે કોઈ જાણકારી નથી. વધુમાં ફરિયાદ પક્ષના સાહેદ–ખીમજીભાઈ ચારણભાઈ ચારણ, મુળ ફરિયાદી–સુમીત્રાબેન પ્રવિણભાઈ તડવી અને સાહેદ–બચુભાઈ નાનજીભાઈ તડવી તેઓના દર્શાવેલ સરનામે મળી આવતા નથી અને તે કારણસર તેઓનો પુરાવો

રેકર્ડ પર રજૂ થયેલ નથી. તેવી જ રીતે સાહેદ–અંબાબેન બચુભાઈ તડવી તથા ત.ક.અમલદાર પી.એસ.આઈ. એફ.એસ.ગોસાઈ પણ મરણ પામેલ છે. આમ, આ કેસમાં મૂળ ભોગ બનનાર ફરિયાદી મળી આવતા નથી અને તે કારણસર મહત્વનો પુરાવો રેકર્ડ ઉપર ફરિયાદ પક્ષ ધ્વારા લાવવામાં આવેલ નથી. આ સંજોગોમાં આ કેસમાં જે પુરાવો ફરિયાદ પક્ષ ધ્વારા રજૂ કરવામાં આવેલ છે તે લક્ષમાં લેવામાં આવે તો એ જણાય છે કે આ કેસમાં પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ પુરાવો રજૂ થયેલ નથી અને આ પોલીસ સાહેદે ગુન્હાની તપાસ કરેલ નથી કે તેઓને બનાવ વિષે કોઈ માહિતી નથી. અંતે, રેકર્ડ ઉપર આવેલ સમગ્ર હકીકત ધ્યાને લેતા આરોપીઓને ગુના સાથે સાંકળતો કોઈ સીધો પુરાવો આવેલ નથી અને જયારે પુરતા પુરાવાનો અભાવ હોય ત્યારે આરોપીઓને દોષિત ઠરાવી શકાય નહિં તેવું આ અદાલતનું નમ્રપણે માનવું છે. આ તમામ બાબત લક્ષમાં લેતા ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાને લક્ષમાં લેતા આરોપીઓની સામેના આક્ષેપયુકત અપરાધને પુરવાર કરી શકેલ નથી અને તેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ તેવું મારું માનવું છે. આથી, ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૯.૦૦) ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર તથા મુદ્દા નં.૧ નો નિર્ણય લક્ષમાં રાખી, આરોપીઓ સામે આક્ષેપાયેલ આરોપ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:

**:: હુકમ ::**

(ક) આ કામનાં આરોપી નં.૧– પ્રવિણભાઈ વિઠૃલભાઈ તડવી, આરોપી નં.૩–ચંચળબેન વિઠૃલભાઈ તડવી, આરોપી નં.૪– મહેન્દ્રભાઈ વિઠૃલભાઈ તડવી અને આરોપી નં.૫– કોકીલાબેન મહેન્દ્રભાઈ તડવી, રહે. અમદાવાદ વાળાઓને ફોજદારી કાર્યરીતિ સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૪૯૮(ક), ૫૦૪, ૫૦૬(૧),૧૧૪ મુજબના ગુન્હામાંથી આરોપીઓની ગેરહાજરીમાં ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૫૩(૬) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ખ) આરોપીઓનાં અગાઉનાં જાતમુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–૦૧લી માહે–ઓકટોબર સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૧/૧૦/૨૦૨૪

(કમલેશ નાથાભાઈ પ્રજાપતિ)
૫માં એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯,અમદાવાદ શહેર
(કોડ નં.જીજે ૦૦૮૮૬)